બ્રાન્ડેડ ફ્રેમ •કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ •ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


ALEVATE®
MUGATLAL GROUP
MBS Aluminium Industries Pvt. Ltd.
Steel Trading Company
ALEVATEPRE-ENGINEERED BUILDING
• Turnkey Steel Building Solution
• Optimised Design
• Accurate manufacturing
• Speedy & Cost Saving Construction
• One Stop Solution for Roofing
Head Office : Krishna Pertrol pump, Udhna Main Road, Surat.
Factories : Sachin GIDC • Pipodara • Burhanpur (MP)
Mobile : 9512953830, 7575882332
E-mail: info@mbsaluminium.com Webside: www.alevate.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ પાંચમ ગુરુવાર ૨૧ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૭

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# અમેરિકામાં IT કંપનીઓમાં છટણીથી હજારો ભારતીયો મુશ્કેલીમાં

**નોકરી** ગુમાવ્યા બાદ '60 દિવસમાં નવી નોકરી શોધો અથવા દેશ છોડો'નો કડક નિયમ મેટા-એમેઝોને વિઝા ધારકોને આંચકો આપ્યો, વર્ષ 2026માં 1.10 લાખથી વધુ આઇટી કર્મચારીઓ બેરોજગાર

**નવી દિલ્હી, તા. 20:** અમેરિકામાં મેટા, એમેઝોન અને ઓરેકલ જેવી મોટી ટેક કંપનીઓમાં ચાલી રહેલી છટણીના કારણે ત્યાં વસતા હજારો ભારતીય આઈટી પ્રોફેશનલ્સ મુશ્કેલીમાં મુકાયા છે. અમેરિકી ઈમિગ્રેશન નિયમો અનુસાર, H-1B વિઝા ધારકો જો નોકરી ગુમાવે, તો તેમણે 60 દિવસમાં નવી નોકરી શોધવી પડે છે અથવા દેશ છોડવો પડે છે.

વર્ષ 2026માં અત્યાર સુધીમાં 144 ટેક કંપનીઓએ 1,10,000થી વધુ કર્મચારીઓને છૂટા કર્યા છે, જેમાં મોટી સંખ્યામાં ભારતીયો સામેલ છે. નાણાકીય વર્ષ 2025માં મંજૂર થયેલી 4,06,348 H-1B અરજીઓમાંથી 2,83,772 ભારતીયોની હતી.

સમય મેળવવા માટે ઘણા કર્મચારીઓ B-2 વિઝિટર વિઝામાં ટ્રાન્સફર થવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ હવે ત્યાં પણ કડક કાગળિયા અને રિજેક્શનનો સામનો કરવો પડી રહ્યો છે. ગ્રીન કાર્ડની લાંબી રાહ, હોમ લોન અને અમેરિકામાં જન્મેલા બાળકોના કારણે ભારતીય પરિવારો ભારે માનસિક તણાવમાં છે. પરિણામે, હવે ઘણા પ્રોફેશનલ્સ ભારત પરત ફરવા અથવા કેનેડા અને યુરોપ તરફ સ્થળાંતર કરવાનું વિચારી રહ્યા છે. આ દરમિયાન, આ અઠવાડિયે ફેસબુક અને વોટ્સએપની કંપની મેટાએ એઆઈ રીસ્ટ્રક્ચરિંગ હેઠળ એન્જિનિયરિંગ અને પ્રોડક્ટ વિભાગોમાં વૈશ્વિક સ્તરે છટણીનો નવો રાઉન્ડ શરૂ કરતાં H-1B ધારકોમાં ફફડાટ વધી ગયો છે.

## મેટાએ કર્મચારીઓને પહેલા 'વર્ક ફ્રોમ હોમ' આપ્યું, પછી 8000ને નોકરીમાંથી કાઢી મૂક્યા

**કુલ વર્કફોર્સમાં** 10%નો ઘટાડો; હવે માનવ સંસાધનોના બદલે AI પાછળ 145 અબજ ડોલર ખર્ચશે

**નવી દિલ્હી, તા. 20:** ટેકની વિશાળ કંપની મેટાએ તેના કર્મચારીઓને પહેલા 'વર્ક ફ્રોમ હોમ' કરવાનો આદેશ આપ્યો અને ત્યારબાદ વહેલી સવારે 4 વાગ્યે ઈમેઈલ મોકલીને 8,000 કર્મચારીઓની છટણી કરી દીધી છે. કંપનીના આ આકસ્મિક પગલાથી કુલ વર્કફોર્સમાં 10 ટકાનો ઘટાડો થયો છે. સિંગાપોર હબથી શરૂ થયેલી આ છટણી અંતર્ગત એન્જિનિયરિંગ અને પ્રોડક્ટ ટીમો પર સૌથી વધુ અસર પડી છે. સીઈઓ માર્ક ઝુકરબર્ગે હવે કંપનીનું સંપૂર્ણ ધ્યાન SERAI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) પર કેન્દ્રિત કર્યું છે, જેના માટે આ વર્ષે 125થી 145 અબજ ડોલરનો ખર્ચ કરવાનું આયોજન છે.

કંપનીના ચીફ પીપલ ઓફિસર જેનેલ ગેલના જણાવ્યા મુજબ, નાની ટીમો સાથે ઝડપથી કામ કરવા માટે મેનેજમેન્ટ લેયર્સ ઘટાડવામાં

...અનુસંધાન પાના 11 પર

મોદી-મેલોનીની દોસ્તીમાં ભળી 'મેલોડી'ની મીઠાશ

# પીએમ મોદીએ મેલોનીને ભેટમાં આપી 'મેલોડી' ચોકલેટ

**મેલોડી** ખાઓ, ખુદ જાન જાઓ': મોદીએ ઈટાલીના વડાપ્રધાન મેલોનીને ચખાડ્યો ભારતની ટોફીનો સ્વાદ

**સોશિયલ** મીડિયા પર વાયરલ 'Melodi' મીમ ટ્રેન્ડ હવે બન્યો રિયાલિટી

**બંને** નેતાઓએ 2000 વર્ષ જૂના ઐતિહાસિક કોલોઝિયમમાં લીધી સેલ્ફી

**ઇટાલિયન** ચિત્રકારે વડા પ્રધાનને વારાણસી પર બનેલી ખાસ પેઇન્ટિંગ ભેટ આપી




**રોમ, તા. 20:** વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના પાંચ દેશોના પ્રવાસના અંતિમ ચરણમાં મંગળવારે ઇટાલીની રાજધાની રોમ પહોંચ્યા હતા, જ્યાં તેમનું રેડ કાર્પેટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સત્તાવાર મુલાકાત દરમિયાન પીએમ મોદીએ ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને ભારતની પ્રખ્યાત 'મેલોડી' ટોફી ગિફ્ટ આપી હતી. ઉલ્લેખનીય છે કે, આ ટોફી ભારતમાં 1983 થી વેચાઈ રહી છે અને તેને પાર્લે (Parle) કંપની બનાવે છે.

વાસ્તવમાં, સોશિયલ મીડિયા પર બંને નેતાઓના નામને જોડીને બનેલો શબ્દ 'Melodi' (Modi + Meloni) ઇન્ટરનેટ મીમ અને મોટો ટ્રેન્ડ બની ગયો હતો. વર્ષ 2023 માં દુબઈ ખાતે યોજાયેલી કોપ-28 સમિટ દરમિયાન જ્યોર્જિયા મેલોનીએ જ પીએમ મોદી સાથેનો સેલ્ફી ફોટો શેર કરીને હેશટેગ '#Melodi' વહેતો કર્યો હતો, જે આખી દુનિયામાં વાયરલ થયો હતો. પીએમ મોદીએ આ આંતરરાષ્ટ્રીય હળવા અને દોસ્તાના અંદાજને ધ્યાનમાં રાખીને જ મેલોનીને ભારતની આ પ્રખ્યાત ટોફી ગિફ્ટ કરી હતી, જેના કારણે બંને નેતાઓ માટે લોકપ્રિય બનેલો 'મેલોડી' શબ્દનો રસપ્રદ કિસ્સો ફરી તાજો થયો છે.

આ પહેલાં પીએમ મેલોની અને પીએમ મોદીએ મંગળવારે સાંજે બંને નેતાઓએ સાથે ડિનર લીધું હતું, જ્યાં અનેક મહત્વના દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ સિવાય રોમ પ્રવાસ દરમિયાન પીએમ મોદીએ ભારતીય સંસ્કૃતિની ઝલક દર્શાવતી વારાણસી (કાશી) પર બનેલી ખાસ પેઇન્ટિંગ્સ પણ નિહાળી હતી, જે ઇટાલીના પ્રખ્યાત ચિત્રકાર જિયામપાઓલો ટોમાસેટ્ટીએ તેમને ભેટ સ્વરૂપે આપી હતી.

### વીડિયોને સોશિયલ મીડિયા પર 10 કરોડથી વધુ વ્યુઝ મળ્યા

પીએમ જ્યોર્જિયા મેલોનીએ પીએમ મોદી પાસેથી આ ગિફ્ટ સ્વીકાર્યા બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક 12 સેકન્ડનો ખાસ વીડિયો પોસ્ટ કર્યો હતો. વીડિયોમાં મેલોનીએ હસતા મુખે કહ્યું કે, "વડા પ્રધાન મોદી મારા માટે ભેટમાં ખૂબ જ સરસ ટોફી લાવ્યા છે - મેલોડી. ગિફ્ટ માટે થેંક્યુ." વીડિયોમાં પીએમ મોદી પણ મેલોનીની આ રમુજ જોઈને ખડખડાટ હસી પડ્યા હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ થતાની સાથે જ ધૂમ મચાવી રહ્યો છે. આ વીડિયોને ઇન્સ્ટાગ્રામ પર 100 મિલિયન (10 કરોડ)થી વધુ વખત જોવામાં આવ્યો છે, જ્યારે 'એક્સ' પર પણ તેને 74 લાખથી વધુ વ્યુઝ મળી ચૂક્યા છે.

### એક જ કારમાં સાથે ફર્યા

આ મુલાકાત દરમિયાન બંને વૈશ્વિક નેતાઓ વચ્ચે અદભુત કેમિસ્ટ્રી જોવા મળી હતી. પીએમ મોદી અને જ્યોર્જિયા મેલોની રોમની સડકો પર એક જ કારમાં સાથે ફર્યા હતા. કારમાં સફર કરતા કરતા તેઓ અંદાજે 2000 વર્ષ જૂના ઐતિહાસિક 'કોલોઝિયમ' સ્ટેડિયમની મુલાકાતે પહોંચ્યા હતા. પીએમ મેલોનીએ આ ભવ્ય કોલોઝિયમના બેકગ્રાઉન્ડ સાથે પીએમ મોદી સાથે એક ખાસ સેલ્ફી પણ લીધી હતી અને તેને સોશિયલ મીડિયા પર શેર કરી હતી. રોમમાં આવેલું આ સ્ટેડિયમ રોમન સામ્રાજ્યની તાકાત અને અદભુત એન્જિનિયરિંગનું પ્રતીક છે. તેનું અસલી નામ 'ફ્લેવિયન એમ્ફીથિયેટર' હતું, જ્યાં પ્રાચીન સમયમાં ગ્લેડિયેટરોની લડાઈઓ થતી હતી અને તેમાં 50,000 થી 80,000 લોકો બેસી શકતા હતા.

### મોદીએ રોમ અને કાશીને શાશ્વત શહેર ગણાવ્યાં; ઇટાલીના પીએમને ભારત આવવાનું આમંત્રણ

**રોમ.** પીએમ મોદી અને ઇટાલીના પીએમ જ્યોર્જિયા મેલોનીએ બુધવારે રોમમાં સંયુક્ત પત્રકાર પરિષદ કરી હતી. આ દરમિયાન મેલોનીએ હિન્દીમાં કહ્યું કે 'પરિશ્રમ હી સફલતા કી કુંજી હૈ' (પરિશ્રમ જ સફળતાની ચાવી છે). મેલોનીએ

...અનુસંધાન પાના 11 પર

### રાહુલે મોદી પર પ્રહારો કર્યા, કહ્યું આ નાટક છે, નેતૃત્વ નહીં

**નવી દિલ્હી.** દેશમાં આર્થિક તોફાન આવ્યું છે, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઈટાલીમાં ચોકલેટ વહેંચી રહ્યા છે. તેમ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ મોદી તેમને 'મેલોડી' ટોફીનું પેકેટ ભેટમાં આપતા હોવાનો વીડિયો પોસ્ટ કર્યા પછી જણાવ્યું હતું. "આ નેતૃત્વ નથી, આ એક નાટક છે," પોતાના મતવિસ્તાર

...અનુસંધાન પાના 11 પર

### રોમમાં ગુંજ્યો હિન્દી સુર: ઇટાલીના પીએમ મેલોનીએ કહ્યું– 'પરિશ્રમ હી સફલતા કી કુંજી હૈ'!

**રોમ.** વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઇટાલીના વડા પ્રધાન જ્યોર્જિયો મેલોનીએ બુધવારે રાજધાની રોમમાં સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. મોદી અને મેલોની વચ્ચેની આ મુલાકાત ખૂબ ચર્ચામાં રહી હતી. આ દરમિયાન ઇટાલીના પીએમ મેલોનીએ

...અનુસંધાન પાના 11 પર

### બ્લિંકઇટ અને ઝેપ્ટો પર મેલોડી 'આઉટ ઓફ સ્ટોક'

**રોમ.** 'મેલોડી ઇતની ચોકલેટી ક્યુ હૈ?' (મેલોડી આટલી ચોકલેટી કેમ છે?) આ એક એવો સવાલ છે જે પૂછતાં-પૂછતાં ભારતીયોની ઘણી પેઢીઓ મોટી થઈ છે. મંગળવારે, ઇન્ટરનેટે નક્કી કર્યું કે તેને આનો જવાબ તાત્કાલિક જોઈએ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની રોમ મુલાકાત દરમિયાન ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીને

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી

### કોંગ્રેસ સંગઠનમાં મોટા ફેરફારના સંકેત

શું આ કે. સી. વેણુગોપાલ માટે વિદાયની ક્ષણ છે, જેમણે કેરળના મુખ્યમંત્રી પદની રેસ ગુમાવ્યા બાદ લાંબા સમય સુધી રાહુલ ગાંધીના આંખ, કાન અને અવાજ તરીકે સેવા આપી છે? તેઓ લાંબા સમયથી અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (એઆઈસીસી)ના જનરલ સેક્રેટરી (સંગઠન) તરીકે સેવા આપી રહ્યા છે. તેમને સૌપ્રથમ આ જવાબદારી એપ્રિલ ૨૦૧૭માં મળી હતી, જ્યારે તેમની પક્ષના મહાસચિવ તરીકે નિમણૂક કરવામાં આવી હતી અને કર્ણાટકના પ્રભારી પણ બનાવવામાં આવ્યા હતા. પાછળથી ગાંધીની પહેલ પર તેમને સંગઠનની દેખરેખની વધારાની જવાબદારી સોંપવામાં આવી હતી. આટલા વર્ષો પછી પણ તેઓ જનરલ સેક્રેટરી (સંગઠન)નું પદ સંભાળી રહ્યા છે. હવે બે પરિબળો તેમની સંભવિત વિદાય અંગેની અટકળોને મજબૂત કરી રહ્યા છે. પ્રથમ, કોંગ્રેસના સંગઠનનું

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૦-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૨° સે. | ૨૯.૨° સે. | ૩૧% |

બીજિંગમાં શી જિનપિંગ અને પુતિન વચ્ચે મહાબેઠક

# ઈરાન યુદ્ધ અટકવું જોઈએ: ચીન-રશિયા

**'દુનિયા** જંગલરાજ તરફ આગળ વધી રહી છે!': જિનપિંગ

**25 વર્ષ** જૂની ઐતિહાસિક મિત્રતા સંધિ લંબાવવામાં આવી

**અમેરિકી** દબાણ સામે 'પાવર ઓફ સાઇબેરિયા 2' ગેસ પાઇપલાઇન

**દુનિયા** ફરી એકવાર 'જંગલરાજ' તરફ આગળ વધી રહી છે: જિનપીંગ



**બીજિંગ, તા. 20 (PTI):** પશ્ચિમ એશિયામાં વધી રહેલા સૈન્ય તણાવ અને વૈશ્વિક ઉર્જા સંકટ વચ્ચે ચીન પ્રમુખ શી જિનપિંગ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે બીજિંગના 'ગ્રેટ હોલ ઓફ ધ પીપલ' ખાતે એક અત્યંત મહત્વપૂર્ણ ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 14-15 મેના ચીન પ્રવાસના ગણતરીના દિવસોમાં જ યોજાયેલી આ બેઠક પર આખી દુનિયાની નજર હતી.

ગ્રેટ હોલ ઓફ ધ પીપલની બહાર જિનપિંગ દ્વારા પુતિનનું સત્તાવાર અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શિખર સંમેલન દરમિયાન બંને નેતાઓએ પશ્ચિમના દેશોના પ્રભાવને પડકારતા ઉર્જા, વેપાર, ટેકનોલોજી અને ડિપ્લોમેસી ક્ષેત્રે અનેક દ્વિપક્ષીય કરારો કરીને 'ચીન-રશિયા ધરી'ને વધુ મજબૂત બનાવી છે. પ્રમુખ જિનપિંગે ઈઝરાયેલ-ઈરાન

...અનુસંધાન પાના 11 પર

### પુતિનની 25મી ચીન મુલાકાત અને રુબલ-યુઆનમાં વેપાર

પુતિનની આ 25મી ચીન મુલાકાત હતી. તેમણે જિનપિંગને પોતાના 'પ્રિય મિત્ર' ગણાવ્યા હતા. બીજિંગ પહોંચતા પહેલા પુતિને એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, રશિયા-ચીન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 200 અબજ ડોલરને પાર કરી ગયો છે. સૌથી મહત્વની વાત એ છે કે, હવે આ વેપાર અમેરિકી ડોલરના બદલે રશિયન ચલણ 'રુબલ' અને ચાઈનીઝ ચલણ 'યુઆન'માં થઈ રહ્યો છે. અમેરિકી પ્રતિબંધો હોવા છતાં, ચીન હાલમાં ઈરાન પાસેથી 90 ટકા જેટલા ક્રૂડ ઓઈલની આયાત કરે છે. બંને નેતાઓએ સંયુક્ત રાષ્ટ્ર, શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) અને બ્રિક્સ જેવા બહુપક્ષીય મંચો દ્વારા વૈશ્વિક શાસન પદ્ધતિને વધુ ન્યાયી બનાવવા માટે સાથે મળીને કામ કરવાની કટિબદ્ધતા દોહરાવી હતી. વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગ અત્યાર સુધીમાં 40થી વધુ વખત એકબીજાને રૂબરૂ મળી ચૂક્યા છે, જે દુનિયાની સૌથી મજબૂત રાજકીય દોસ્તી માનવામાં આવે છે. ક્રેમલિનના જણાવ્યા મુજબ, બંને નેતાઓ વચ્ચે માત્ર પ્રોટોકોલ આધારિત રાજદ્વારી સંબંધો જ નથી, પરંતુ તેમની વચ્ચે સતત અંગત સંવાદ પણ થતો રહે છે.


### આ બેઠકના મુખ્ય પાસાઓ અને 5 મોટા નિર્ણયો નીચે મુજબ છે:

1. 25 વર્ષ જૂની ઐતિહાસિક મિત્રતા સંધિ લંબાવવામાં આવી:
બંને દેશોએ તેમના સંબંધોને સર્વોચ્ચ સ્તરે લઈ જતા 25 વર્ષ પહેલાં સાઇન કરેલી 'ચીન-રશિયા ગુડ-નેબરલીનેસ એન્ડ ફ્રેન્ડલી કોઓપરેશન ટ્રીટી' (મિત્રતા સંધિ)ને વધુ લંબાવવાની સત્તાવાર જાહેરાત કરી છે. જિનપિંગે કહ્યું કે બંને દેશોએ 'એકતરફી દાદાગીરી'નો વિરોધ કરવો જોઈએ, જ્યારે પુતિને આ સંબંધોને અભૂતપૂર્વ ઊંચાઈ પર ગણાવ્યા હતા.
2. ઉર્જા ક્ષેત્રે મોટો મોરચો - પાવર ઓફ સાઇબેરિયા 2 પાઇપલાઇન:
વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પુતિને રશિયાને એક ભરોસાપાત્ર ઉર્જા સપ્લાયર ગણાવ્યું હતું. બંને પક્ષોએ લાંબા સમયથી ચર્ચામાં રહેલી 'પાવર ઓફ સાઇબેરિયા 2' ગેસ પાઇપલાઇન પર મહત્વની પ્રગતિની પુષ્ટિ કરી છે. આ પાઇપલાઇન દ્વારા મોંગોલિયા થઈને વાર્ષિક 50 અબજ ક્યુબિક મીટર રશિયન નેચરલ ગેસ ચીન મોકલવામાં

...અનુસંધાન પાના 11 પર

મેદાનો તો ઠીક, હવે પહાડો પણ શેકાવા લાગ્યા; હિમાચલમાં પારો 44 ડિગ્રીએ પહોંચ્યો

# યુપીનું બાંદા 48 ડિગ્રી સાથે દેશમાં સૌથી ગરમ



**હવામાન** વિભાગે આગામી ત્રણ દિવસ માટે 'યલો એલર્ટ' અને ત્યારબાદ 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું

**દિલ્હી-**રાજસ્થાનમાં પણ પારો 45 ડિગ્રીને પાર

**નવી દિલ્હી, તા. 20 (PTI):** ઉત્તર ભારત હાલમાં ભીષણ ગરમીની લપેટમાં છે, જેમાં બુધવારે ઉત્તર પ્રદેશનો બાંદા જિલ્લો 48 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે દેશમાં સૌથી ગરમ નોંધાયો હતો, જે સામાન્ય કરતાં 4.5 ડિગ્રી વધુ છે.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે 'યલો એલર્ટ' અને ત્યારપછીના દિવસો માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે.

દેશના પાટનગર દિલ્હીમાં પણ આકરી ગરમી પડી રહી છે, જેમાં રિજ બેઝ સ્ટેશને સૌથી વધુ 45.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત અયાનગર, પાલમ, લોધી રોડ અને સફદરજંગમાં તાપમાન 44.5ડિગ્રીથી 45 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહ્યું હતું.

પાડોશી રાજ્ય રાજસ્થાનમાં શ્રીગંગાનગર 46.5 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ સ્થળ રહ્યું હતું. જ્યારે પિલાની, ફલોદી, બિકાનેર, ચુરુ અને કોટા જેવા વિસ્તારોમાં પારો 44.2 ડિગ્રીથી 45.3 ડિગ્રી

...અનુસંધાન પાના 11 પર